પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૪૨ | ૧ ઓગસ્ટ, ૨૦૧૭, મંગળવાર ; શ્રાવણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### એસબીઆઈએ અડધો ટકો વ્યાજ ઘટાડયો

દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ બચતખાતા પર ૦.૫ ટકા વ્યાજ દર ઘટાડયો છે. વ્યાજમાં મુકાયેલો કાપ ૩૧મીથી અમલી બનશે.

### ઈન્કમટેક્ષ રીટર્નની મુદત લંબાવાઈ

ઈ-રીટર્ન ભરવાની મુદત ૩૧ જુલાઈ સાંજે ૫ વાગ્યા સુધી હતી તેને ૫ ઓગષ્ટ સાંજે ૫ વાગ્યા સુધી કરવામાં આવી છે.

### પટના હાઈકોર્ટે નીતિશને આપી રાહત

બિહારના વર્તમાન રાજકીય




ઘટનાક્રમને પગલ હાઈકોર્ટમાં થયેલ રીટ અરજીમાં નીતિશકુમારને રાહત મળી છે. આરજેડીના ધારાસભ્ય સરોજ યાદવે પટના હાઈકોર્ટમાં ભાજપ-જેડીયુની નવી સરકારને પડકારતી અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે.

### રાજ્યસભામાં નોટાનો ઉપયોગ કરી શકાશે

આગામી ૮મી ઓગષ્ટે યોજાનાર રાજ્યસભાની ચૂંટણીમાં નોટાનો ઉપયોગ કરી શકાશે એમ ચૂંટણી પંચ દ્વારા જણાવાયું છે.

# આજથી પોલિસી સમીક્ષાની બેઠક

**વ્યાજદર ઘટે તેવી સંભાવના : વ્યાજદરને લઇને જાહેરાત બીજી ઓગસ્ટના દિવસે થશે : ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની એમપીસીને મિટિંગ પહેલા વ્યાજદરમાં ઘટાડો કરવા એસોચેમ દ્વારા અપીલ**





મુંબઈ,તા. ૩૧

રીઝર્વ બેંકની આવતીકાલથી બે દિવસની બેઠક શરૂ થઈ રહી છે. આ બેઠક પર તમામ કારોબારીઓની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. પોલીસી સમીક્ષાની બે દિવસ બેઠક પહેલા ઈન્ડસ્ટ્રી ચેમ્બર એસોચેમે (એસોસિએટ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા)એ આજે વ્યાજદરમાં ઘટાડો કરવા માટે અપીલ કરી હતી. ફુગાવો પાંચ વર્ષની નીચી સપાટી પર છે ત્યારે આંકડાને ધ્યાનમાં લઈને એસોચેમે વ્યાજદરમાં ઘટાડો કરવા માટે કહ્યુ છે. ફેક્ટરી ઉત્પાદનમાં ઘટાડો થઈ રહ્યો છે. આવી સ્થિતીમાં વ્યાજદરમાં ઘટાડો કરવાની માંગ ઉઠી રહી છે. એસોચેમે આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલે પોલીસી રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવા માટે અપીલ કરી છે. નવી દિલ્હીમાં એસોચેમે આ મુજબની માહિતી આપી છે. આરબીઆઈના ગવર્નરને લખવામાં આવેલા પત્રમાં ચેમ્બર સેક્રેટરી જનરલ ડીએસ રાવતે કહ્યુ છે કે આરબીઆઈ પોલીસી રેટમાં ઘટાડો કરી શકે છે. ભારતમાં રીટેલ ફુગાવો હાલમાં રેકોર્ડ નીચી સપાટી પર પહોંચી ગયો છે. ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન ડેટા દર્શાવે છે કે ફેક્ટરી

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યસભામાં ગુજરાત મામલે ભારે હોબાળો



ન્યુ દિલ્હી,તા. ૩૧

સંસદનું ચોમાસુ સત્ર હાલ ચાલી રહ્યું છે જેમાં સોમવારે મોબ લિન્ચિંગ તેમજ ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાના મુદ્દે ધમાલ મચી હતી. આ મુદ્દા સાથે તૈયાર બેઠેલી કોંગ્રેસે ગૃહની કાર્યવાહી શરૂ થતા જ હંગામો કર્યો હતો. એકતરફ રાજ્યસભામાં ગુજરાતમાં કોંગ્રેસના ધારાસભ્યોને ખરીદવાનો મુદ્દો ઉઠ્યો હતો જ્યારે બીજીતરફ લોકસભામાં મોબ લિન્ચિંગ (ટોળા દ્વારા કરાતી હત્યા) મુદ્દે ચર્ચા દરમિયાન વિક્ષે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ

● અનુસંધાન પાન-૭ પર

# નિતિશકુમારનો નિર્ણય કમનસીબ છે, હુ સહમત નથી : શરદ યાદવ

ન્યુ દિલ્હી,તા. ૩૧

બિહારમાં નીતીશ કુમારે મહાગઠબંધન તોડીને ભાજપાની સાથે મળી સરકાર તો બનાવી લીધી, પરંતુ પોતાની જ પાર્ટીના નેતાઓને તેઓ હજુ સુધી મનાવી શકયા નથી. નીતીશના નિર્ણયથી નાખુશ જેડીયુના વરિષ્ઠ નેતા શરદ યાદવે સોમવારના રોજ આ મુદ્દા પર મૌન તોડતા પહેલી વખત નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે બિહારમાં જે પણ કંઈ થયું તેની સાથે તેઓ સહમત નથી અને તેમણે મહાગઠબંધન તૂટવાનો અફસોસ છે.

આજે સંસદ બહાર પત્રકારો સાથે વાતચીત કરતાં શરદ યાદવે કહ્યું કે જે પરિસ્થિતિ છે, તે અપ્રિય છે. દેશની, બિહારની ૧૧ કરોડ જનતા માટે આ ઠીક નથી. બિહારમાં જે નિર્ણય લેવાયો હું તેની સાથે સહમત નથી, આ દુર્ભાગ્યપૂર્ણ છે. લોકોએ જનાદેશ એટલા માટે નહોતો આપ્યો.'

● અનુસંધાન પાન-૭ પર

# કાયદો તોડવો એ ભારતીયોના લોહીમાં છે : ચીફ જસ્ટીસ ખેહર

**લોકો ઈચ્છતા હોય કે, દેશ ખરેખર પ્રગતિ કરે તો કાયદાનું પાલન કરવું જરૂરી**



ન્યુ દિલ્હી,તા.૯

સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના મુખ્ય ન્યાયાધીશ જસ્ટીસ જે. એસ. ખેહરે સુપ્રીમ કોર્ટમાં એક કેસની સુનાવણી દરમિયાન કહ્યું કે, કાયદો તોડવો અને કોર્ટની અવગણના કરવી એ ભારતીયોના લોહીમાં સમાઈ ગયું છે. જાણે ભારતીય સંસ્કૃતિનો ભાગ હોય તે રીતે ભારતીયો કાયદાની અવમાનના કરે છે.

જસ્ટીસ ખેહરે કહ્યું કે, દેશના લોકો ઈચ્છતા હોય કે, દેશ ખરેખર પ્રગતિ કરે તો લોકોએ કાયદાનું પાલન કરવું જરુરી છે. જસ્ટીસ ખેહરે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, કાયદાનું પાલન નહીં કરનારાને કોઈપણ સંજોગોમાં માફ કરવામાં નહીં આવે. પછી તે કોઈપણ સંપ્રદાય અથવા હોદ્દા પર હોય.

દિલ્હીના લાજપત નગરમાં આવેલી એક ઈન્સ્ટીટ્યુટના હેડ તેના ઘરની બિલ્ડીંગનો ઉપયોગ કોમર્શીયલ હેતુ માટે કરી રહ્યા હતા. રહેણાંક વિસ્તારનો ઉપયોગ કોમર્શીયલ કામ માટે કરવો ગુનો છે. આ કેસની સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા જે. એસ. ખેહરે ઉપરોક્ત વાત જણાવી હતી અને કહ્યું કે, કાયદો તોડવો એ ભારતીયોની આદત બની ગયો છે.

જાણકારો જસ્ટીસ ખેહરના આ નિવેદનને જાણકારો વિજય માલ્યા સાથે જોડીને પણ જોઈ રહ્યા

● અનુસંધાન પાન-૭ પર

# મંત્રીમંડળમાં હું નહિ જોડાઉ : અમિત શાહ

**ભાજપ પ્રમુખ તરીકે હોદ્દો છોડનાર નથી : ૨૦૧૯માં ૨૦૧૪ કરતા પણ મોટી જીત રહેશે : મોદી સરકારની શ્રેષ્ઠ કામગીરી અને વિકાસના મુદ્દા ઉપર જીત થશે : મોદી સૌથી લોકપ્રિય વડાપ્રધાન : અમિત શાહ**

નવીદિલ્હી,તા. ૩૧

ભાજપ પ્રમુખ અમિત શાહે આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે પાર્ટી પોસ્ટ છોડવાનો કોઈ પ્રશ્ન નથી. તેઓ ખુબ સ્વતંત્રરીતે અને ખુશીથી કામ કરી રહ્યા છે. અમિત શાહે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં ભાજપની વર્ષ ૨૦૧૪ની ચૂંટણી કરતા પણ મોટી જીત થશે. હાલમાં એવી અટકળો ચાલી રહી હતી કે અમિત શાહ પાર્ટી પ્રમુખ તરીકે હોદ્દા છોડી દેનાર છે. જો રાજ્યસભા માટે અમિત શાહ ચૂંટાઅ આવશે તો તેઓ ભાજપ પ્રમુખ તરીકે રાજીનામુ આપશે તેવા હેવાલ આવી રહ્યા હતા. અમિત શાહે કહ્યુ હતુ કે બિહારમાં કોઈ પાર્ટીમાં ભંગાણ પાડવામાં ભાજપે ભૂમિકા અદા કરી નથી. ત્રણ દિવસની યાત્રાએ પહોંચેલા અમિત શાહે કહ્યુ હતુ કે મુખ્યપ્રધાનના હોદ્દા પરથી





નીતીશ કુમારે રાજીનામુ આપ્યુ હતુ. કારણ કે તેઓ ભ્રષ્ટ શાસન સાથે રહેવા માટે ઈચ્છુક ન હતા. અમિત શાહે વાતચીત દરમિયાન શ્રેણીબદ્ધ પ્રશ્નોના જવાબો આપ્યા હતા. જેમાં રાજ્યસભાની ચૂંટણી, બિહારની રાજનીતિ અને પાર્ટી પ્રમુખ તરીકે તેમની સ્થિતીનો સમાવેશ થાય છે. પત્રકારો સાથે વાતચીત કરતા શાહે કહ્યુ હતુ કે પાર્ટી પ્રમુખ તરીકે રાજીનામુ આપવાનો કોઈ પ્રશ્ન નથી. તેઓ ખુશ છે. પાર્ટી સાથે મજબુતી સાથે કામ કરી રહ્યા છે. ભાજપ પ્રમુખે વિશ્વાસ સાથે કહ્યુ હતુ કે પાર્ટી વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં વધુ તાકાત સાથે સત્તામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે ભાજપ મોદી સરકારની સારી કામગીરી અને વિકાસના કારણે વર્ષ ૨૦૧૪ની તુલનામાં વધારે મજબુત અને મોટી જીત મેળવશે. દેશમાં પાર્ટીની ૧૩ રાજ્ય સરકારો ચાલી રહી છે. મોદીને દેશમાં સૌથી લોકપ્રિય વડાપ્રધાન તરીકે ગણાવતા શાહે કહ્યુ હતુ કે સરકાર દેશમાં પરિવારવાદ, જાતિવાદ અને અન્ય સમુદાયને રાજી કરવાની રાજનીતિનો અંત લાવવામાં સફળ રહી છે. દેશમાં બાઈ ભત્રીજાવાદનો અંત આવી રહ્યો છે. તેમણે ઉમેર્યુ હતુ ક અગાઉની મનમોહનસિંહ સરકાર પોલીસી પેરાલિસીસની સમસ્યાથી ગ્રસ્ત હતી. અગાઉ દરેક પ્રધાન પોતાના શક્તિશાળી ગણતા હતા અને મનમોહનસિંહને કોઈ ગણતુ ન હતુ. મોદી સરકારે માત્ર ત્રણ વર્ષના ગાળામાં ૫૦ મહત્વના કામો કર્યા છે.













માહિતી/૧૧૬૩/૧૭-૧૮

